

# 'બગચેઝીંગ'

ઉર્ફે સેક્સ દ્વારા આત્મહત્યા અને સ્વપીડનનો નવો રસ્તો શોધી કાઢતા અમેરિકાના યુવાનો

ડૉ. મુકુલ ચોકસી



અમેરિકાના 'રોલીંગ સ્ટોન' નામના મેગેઝીનના ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના અંકમાં ડૉ. બોબ કેબેજને આવું કહેતા ટાંકવામાં આવ્યા છે કે ૨૫ ટકા જેટલા એચ.આઈ.વી. પોઝીટીવ હોમોસેક્સ્યુઅલ યુવાનો જાણીજોઈને હાઈરીસ્ક વર્તન કરીને એઈડસનો ભોગ બને છે. ન્યૂઝવીક મેગેઝીનમાં આ વિવાદ આગળ વધ્યો અને ડૉ. બોબે પોતાને ખોટી રીતે ઉલ્લેખાયા હોવાનું કબૂલ્યું છે. પણ ન્યૂઝવીકના રીપોર્ટમાં અન્ય એક હાઈ ઓથોરીટી બોસ્ટન યુનિ.ના ડૉ. માર્શલ ફોર્સ્ટેઈને પણ એઈડસને નિમંત્રણ આપનારા 'બંગરોઝર્સ' તરીકે ઓળખાતા યુવાનો ઝાઝી સંખ્યામાં નહીં પરંતુ અલ્પ માત્રામાં હોવાનું અચૂક કબુલ્યું છે. અમેરિકાના ગે એન્ડ લેસ્બીયન એલાયન્સ અગેઈન્સ્ટ ડીફેમેશનના સંવાદદાતાએ પણ 'બગચેઝીંગ' ઉર્ફે 'એઈડસની પાછળ પડી એને પોતાનો બનાવી દેવાનો' આવો ઊંધો જોખમી ઉદ્યમ કેટલાક જૂજ યુવાનો અચૂક કરી રહ્યાં હોવાની કબૂલાત કરી છે. આજે જ્યારે દુનિયા આખી એઈડ્સથી ધ્રૂજી રહી છે, ફફડી રહી છે ત્યારે જગતમાં આવા પણ કેટલાક માથાફરેલ લોકો હોઈ શકે છે, તે આશ્ચર્ય અને આઘાત પમાડે એવી બાબત છે.

મનોવિજ્ઞાન તીવ્ર દારૂના નશાને તથા અતિશય ધ્રૂમપાનને 'સ્લો સ્યુસાઈડ' તરીકે ઓળખે છે. જેમાં વ્યક્તિ સીધી તત્કાળ આત્મહત્યા નથી કરી લેતી પરંતુ વર્ષો સુધી એવી જીવનશૈલી કેળવે છે જેમાં લાંબાગાળે એ જીવનશૈલીને પરિણામે જ મૃત્યુ આ અંતિમપીડા આવી પહોંચે છે. મૃત્યુને ધીમે ધીમે નોતરવાની આ ટેકનિકને 'સ્લો સ્યુસાઈડ' કહેવાય છે. 'સેલ્ફ ઈન્જુરિયસ બિહેવિયર' એ આમ પણ સાઈકીઆટ્રીસ્ટોનો અભ્યાસપ્રિય વિષય રહ્યો છે. પોતાના શરીર પર બ્લેડથી કાપા પાડવા ગળાની ધોરી નસ કાપી નાખવી, પોતાના ઉપર જાણી જોઈને ડૉક્ટરને છેતરીને ખોટા ઓપરેશનો કરાવવા, પોતાના શરીરનું જ અવયવ કાપી નાખવું, વાળ ખેંચીને તોડવા જેવી વર્તણૂંકો સદીઓથી જાણીતી છે. ડીપ્રેશન, સ્કીઝોઅફેક્ટીવ ડીસઓર્ડર જેવા અનેક મનોરોગોના દર્દીઓ તરહતરહની પોતાની જાતને કષ્ટ આપતી મનોરુગ્ણ હરકતો કરતા આવ્યા છે. તેમાં હવે આ છેલ્લા દાયકાની એક નવી જ હરકત 'બગચેઝીંગ'નો ઉમેરો થઈ રહ્યો છે. ધીમે ધીમે મરવા માટે આવા રસ્તાઓ પણ હોઈ શકે છે એ સમજવું સામાન્ય માણસ માટે થોડું મુશ્કેલ કામ છે.

બે વર્ષ અગાઉ મહારાષ્ટ્રના એક ડૉક્ટરે પોતાની પત્નીને મારવાના ઈરાદાથી એઈડસના વાયરસ ધરાવતું ઈંજેકશન આપ્યાના હેવાલો હતાં. મારવા માટે વપરાયેલ એઈડસ હવે જાતે મરવા માટે પણ વપરાવા માંડયો છે. અલબત્ત, કેટલાક અભ્યાસુઓનું કહેવું છે કે ઘર વગર ભટકતા કેટલાક હોમલેસ અમેરિકન યુવાનો 'બગચેઝીંગ' કરીને એઈડસ એટલા માટે મેળવે છે કે જેથી તેમને સરકાર તરફથી રહેવા, ખાવા, પીવાને સગવડો અને સુવિધાઓ મળી રહે. ટૂંકમાં તેઓ ધીમે ધીમે મરવા માટે નહીં પરંતુ ઘર બાર વગરની દોઝખ જેવી જિંદગીથી છૂટીને સરકારી મહેમાન બનીને સારી રીતે જીવવા માટે 'બગચેઝીંગ' કરીને એઈડસ મેળવવા પ્રયત્નો કરે છે.

વિશેષ આઘાતની વાત એ છે કે કેટલાક તરૂણો અને કિશોરો પણ આવા કુછંદે ચડી રહ્યાં હોવાની માહિતી છે. 'બોર્બેલીથ અન્ડરગ્રાઉન્ડ' નામનું એક નાનું સબકલ્ચર વિકસ્યું છે જેના સભ્યો આવી પ્રવૃત્તિમાં રત છે. એઈડસના વિષાણુ આપનારાને 'ગીફ્ટ ગીવર્સ' કહેવાય છે અને લેનારને 'બગચેઝર્સ'. જ્યાં વીર્યને, ખાસ કરીને એચ.આઈ.વી. ગ્રસ્તના વીર્યને ગ્લેમરાઈઝડ તથા ઊજવણીના સાધન તરીકે જોવામાં આવે છે. અલબત્ત કેવળ હોમોસેક્સ્યુલ પુરુષો જ બગચેઝીંગ કરે છે એવું નથી. એમ મનાય છે કે ઈન્ટરનેટના માધ્યમ વગર આ 'બગચેઝીંગ' સંભવિત બની શકતું નથી. વિશ્વ અનેક માયાજાળ અને માનસિક આંટીઘૂંટીઓથી ઊભરાતી ચીજ છે. તેમાં હવે આવી પ્રવૃત્તિઓ ઊમેરાતા માણસના મનને સમજવાના મનોવિજ્ઞાનના બધા આયામો ઊંધા પડે છે. એક તરફ જેણે કોઈ હાઈરીસ્ક વર્તન નથી કર્યું અને જે પરીક્ષણ દ્વારા પુરવાર થયું છે કે તેને નથી અને છતાં તે ગભરાટમાં ને ગભરાટમાં પોતાને એઈડસ હોવાનું માની બેસે... એવા 'એઈડસ ફોબિયા' તથા હાઈપોકોન્ડ્રિઆસિસથી પીડાતા અસંખ્ય લોકો છે. તો બીજી બાજુ આવા પણ લોકો છે જે સામે ચાલીને એઈડ્સની ઉપાધી ને વહોરવા નીકળી પડે છે.

આવા લોકો પોતાને નુકસાન કરે છે, કુટુંબને છિન્નભિન્ન કરે છે, હેલ્થકેર સીસ્ટમ પરનો બોજ વધારે છે, સમાજના બીજા નિર્દોષ સભ્યોનેય રંજાડે છે તે તો અલગ. બગચેઝર્સની સારવાર માટે હવે પહેલા અમેરિકાએ અને ત્યારબાદ વિશ્વ આખાએ સજ્જ થવું પડશે. કેમકે જેમ આત્મઘાતી ટેરરીસ્ટ બોમ્બર સભ્ય સમાજને જબરદસ્ત નુકસાન પહોંચાડી શકે છે તે જ રીતે આવા બગચેઝર્સ પહેલા પોતાને અને ત્યારબાદ પોતાની આસપાસના અનેકને સેક્સ દ્વારા મોતના મુખમાં ધકેલી શકે છે. સદનસીબે હજુ સુધી ભારતમાં આવા બગચેઝર્સ હોવાનું દેખાયુ નથી. પરંતુ ઈન્ટરનેટ આને નેટચેટીંગ અત્યંત ઝડપે વધતો ગ્રાફ જોઈ ભારતમાં વસતા કોઈક ક્રેઝી, અત્યંતીક, દુખી, સ્વપીડન યા પરપીડન ઝંખનાર, મનોરુગ્ણ, કામવિકૃત યુવાનને પણ આવું કરવાનું મન થાય તો નવાઈ નહીં... કમભાગ્યે બગચેઝીંગ કરવાનું બહુ સરળ અને હાથવગુ છે. નસમાં નશીલી દવા લેતી વખતે સીરીંજને ડીસઈન્ફેકટેડ કરીને તથા બેફામપણે વેશ્યાગમન યા અસલામત હોમોસેક્સ માણીને કોઈપણ બગચેઝર પોતાની એઈડસગ્રસ્ત થવાની ઈચ્છા પૂરી કરી શકે છે એ બહુ દુખદ વાસ્તવિકતા છે.